ગુજરાતમિત્ર

# નવસારી-વલસાડ-વાપી

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૨.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૩૦.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |



## વાપીની કોર્ટના શૌચાલયમાં છૂપાવેલો ગાંજો મળી આવ્યો

**પોક્સોના** આરોપીને લાજપોર મધ્યસ્થ જેલ સુરતથી કોર્ટમાં લાવ્યા હતા, ગાંજાની ત્રણ પડિકી શૌચાલયમાં કેવી રીતે પહોંચી?



વાપી: વાપી ડુંગરામાં પોક્સો સહિત બે ગુનામાં સામેલ આરોપીને લાજપોર મધ્યસ્થ જેલ સુરતથી પોલીસ જાપ્તા સાથે વાપી કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. જે આરોપી લઘુશંકાના બહાને શૌચાલયમાં ગયો હતો અને ત્યાંથી કંઈક પડીકી કાઢતા પોલીસે જોતા તપાસ હાથ ધરી હતી. તેની પાસેથી પાંચ ગ્રામ ગાંજાની પડીકી મળી આવી હતી. આ અંગે વાપી ટાઉન પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ મુજબની ફરિયાદ નોંધવામાં આવી હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, માઉન્ટેડ શાખા વલસાડમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા દિનેશકુમાર કાંતિલાલ સોલંકીએ ફરિયાદ નોંધાવી હતી કે, લાજપોર મધ્યસ્થ જેલ સુરત તથા નવસારી સબજેલમાં પોલીસ જાપ્તા સાથે કેદીઓને વલસાડ જિલ્લાની અલગ-અલગ કોર્ટમાં રજૂ કરવાના હતાં. જેથી લાજપોર મધ્યસ્થ જેલ સુરતથી શિવકુમાર ઉર્ફે શિવા કાંતારવિદાસ દાસ (ઉં.24, રહે. છીરી, રણછોડનગર સ્થિત ચાલી, વાપી, મૂળ બિહાર) તથા અન્ય એક કેદીને લઈ વાપી કોર્ટમાં આવ્યા હતાં. શિવકુમાર સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં પોક્સો સહિત વિવિધ કલમો હેઠળ બે ગુનાઓ નોંધાયેલ છે.

વાપી કોર્ટના ચોથા માળે આવતા શિવકુમારે લઘુશંકા જવાનું જણાવતા તેને લઈ ગયા હતા. શૌચાલયની દિવાલમાં ફીટ કરેલ ફ્લશ ટેન્કની વચ્ચેના ભાગે હાથ નાંખી કંઈ લેતો હોવાનું પોલીસને નજરે પડ્યું હતું. તરત જ તેના હાથમાં તપાસ કરતા એક પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ પડીકીઓ મળી હતી. તે ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. મળી આવેલ ગાંજાનું વજન પાંચ ગ્રામ હતું જેની કિંમત 250 આંકી હતી. કોર્ટ શૌચાલયમાં આ ગાંજો કોની પાસે મૂકાવેલ અને કોને આપવાનો હતો તે અંગે પૂછતા તેણે કોઈ જવાબ આપ્યો ન હતો. તેની વિરૂદ્ધ એનડીપીએસ એક્ટ મુજબનો ગુનો વાપી ટાઉન પોલીસ મથકમાં નોંધવામાં આવ્યો હતો.

## ભરચોમાસે આવાસનો બીજો હપ્તો રોકાતા ફડવેલના લાભાર્થીઓ મુશ્કેલીમાં

**બીજો** હપ્તો આદિજાતિ વિભાગ દ્વારા ચૂકવવામાં ન આવતા લાભાર્થીઓની હાલત કફોડી

### મારે સ્થળની ચકાસણી કરવાની બાકી હતી: ATDO

સ્થળ ચકાસણી માટે આવેલા એટીડીઓ ઇન્દ્રજીતભાઇના જણાવ્યાનુસાર ફડવેલના લાભાર્થીઓએ બે મહિના પહેલાં જ બીજા હપ્તાની માંગણી કરી હતી અને મારે આવ્યાને એક જ મહિનો થયો છે. મારે સ્થળની ચકાસણી કરવાની બાકી હતી. ફડવેલ જ આવેલો છું.

ઘેજ: ચીખલી તાલુકાના ફડવેલ ગામે આદિજાતિ વિભાગના વ્યક્તિગત આવાસ યોજનાના લાભાર્થીઓને બીજા હપ્તાની ચુવણી માટે અખાડા કરવામાં આવતા ભરચોમાસે કફોડી હાલત થતાં લાભાર્થીઓમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે.

ફડવેલ ગામના બેડીયા ફળિયા, ધોલી ફળિયા, ગોડાઉન ફળિયા, નાગજી ફળિયા, ભૂતિયા ટેકરી ફળિયા સહિતના ૧૦-જેટલા લાભાર્થીઓના આદિજાતિ વિભાગમાંથી વ્યક્તિગત આવાસ યોજનામાં આવાસો મંજૂર થતાં જાન્યુઆરીમાં પહેલા હપ્તાની ૩૦,૦૦૦ રૂપિયા જેટલી રકમ પણ જમા થઈ ગઈ હતી. બાદમાં લાભાર્થીઓ દ્વારા મકાનનું કામ શરૂ કરી દઈ બીજા હપ્તા માટે માંગણી ફોર્મ પણ રજૂ કરી દેવા છતાં આજદિન સુધી બીજો હપ્તો આદિજાતિ વિભાગ દ્વારા ચૂકવવામાં ન આવતા લાભાર્થીઓ કફોડી સ્થિતિમાં મુકાયા હતા. હકીકતમાં પ્લીથ લેવલે કામ આવી ગયા બાદ બીજા હપ્તાની ચૂકવણી કરી દેવાની હોય છે.

ફડવેલના પૂર્વ તાલુકા સભ્ય મહેશભાઈના જણાવ્યાનુસાર અમારા ગામમાં આદિજાતિ વિભાગના આવાસના લાભાર્થીઓને માંગણી પત્રક રજૂ કર્યાંને બે મહિના બાદ પણ બીજો હપ્તો ચૂકવાયો નથી અને સ્થળ ચકાસણી માટે આવેલા કર્મચારી દ્વારા હવે લાભાર્થી પાસે ૭-૧૨ ની નકલ માંગી રહ્યા છે. ખરેખર બાંધકામની સ્થિતિ જોઈને ઝડપથી હપ્તો ચૂકવાઈ તે દિશામાં કામગીરી કરવી જોઈએ.

ત્યારે સવાલ ઊભા થાય છે કે શું ડોક્યુમેન્ટ લીધા વિના જ આવાસ મંજૂર કરવામાં આવ્યા હશે? કે પછી સ્થળ ચકાસણી માટે જનાર કર્મચારીને ખરેખર શું નિરીક્ષણ કરવાનું તે ખબર જ નથી કે કેમ? વરસાદ શરૂ થઈ ગયો હોય બાકીના હપ્તા ચૂકવવામાં અખાડા કરાતા લાભાર્થીઓની આર્થિક સ્થિતિ કફોડી બનવા પામી છે.



## તંત્ર ઉપરથી ભરોસો ઊઠ્યો: લોકોએ જાતે જ રસ્તો રિપેર કરી નાંખ્યો

**કપરાડા** તાલુકાના સીલ્ધાના ગામના લોકોએ આ રસ્તાનું કાયમી મજબૂતીકરણ કરવા માંગ કરી

વલસાડ: સૂત્રોના જણાવ્યા મુજબ, સીલ્ધા ગામના આડોળ ફળિયામાં જતાં કોઝવે પુલની બાજુમાં ભારે વરસાદને કારણે રસ્તાની માટી ધોવાઈ જતાં માર્ગ જોખમી બની ગયો હતો. જેને લઈ માર્ગનો ઉપયોગ કરતા 600 લોકો મુશ્કેલીમાં મુકાયા હતાં. તંત્રને રજૂઆત બાદ પણ કોઈ કાર્યવાહી ન થતા આખરે ગ્રામજનોએ સ્વયં આગળ આવી શ્રમદાનથી માટી અને પથ્થરો નાખી રસ્તાનું કામચલાઉ સમારકામ હાથ ધર્યું જેથી વાહનવ્યવહાર ફરી શરૂ થઈ શકે.

ગ્રામજનોએ તંત્રને માંગ કરી છે કે, વરસાદી મોસમમાં આ માર્ગ 600 જેટલી વસ્તી માટે જીવનદોરી સમાન હોવાથી રસ્તાનું કાયમી ધોરણે મજબૂતીકરણ અને સમારકામ તાત્કાલિક કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાય નહીં અને લોકોને સુરક્ષિત અવરજવર મળી રહે.

## પારડીમાં સ્કૂલવેનની સરપ્રાઈઝ તપાસ, 12ને દંડ ફટકારાયો

પારડી: પારડીમાં શાળાનાં બાળકોની વેનનું પોલીસે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરતા ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. તાજેતરમાં ઉપરી અધિકારીઓ દ્વારા આદેશ આપવામાં આવતા ગુરુવારે પારડી વલ્લભ આશ્રમ તેમજ અશ્વમેઘ વિદ્યાલય શાળામાં બાળકોને લઈને આવતી વાનનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો વધુ ભરેલ અને બેસાડતા હોય તેઓ સામે મેમો ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પારડી તાલુકાના સોંઢલવાડાની અશ્વમેઘ વિદ્યાલય સહિત 12થી વધુ વાનને ઈ-મેમો ફટકાર્યો હતો. અમુક વાન શાળાની બહાર ન નીકળતા બચી ગયા હતાં.

## વરસાદ બંધ થતાં નવસારીમાં અસહ્ય બફારો, રોગચાળોનું જોખમ વધ્યું

**નવસારીનું** તાપમાન 31.9 ડિગ્રી રહ્યું: ભારે ભેજના કારણે અસહ્ય ઉકળાટનો અનુભવ

નવસારી: છેલ્લા કેટલાક દિવસોથી નવસારી જિલ્લામાં ભારે વરસાદ બાદ અચાનક વરસાદે વિરામ લીધો છે. પરંતુ વરસાદ થંભતા જ નાગરિકોને ગરમીથી રાહત મળવાને બદલે ઉકળાટ અને અસહ્ય બફારાનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાં ઊંચા ભેજના પ્રમાણ અને ઘટેલા વરસાદે એક નવો સવાલ ઉભો કર્યો છે કે શું આ માત્ર ચોમાસાનો ટૂંકો વિરામ છે કે આગામી દિવસોમાં વધુ એક મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના છે?

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન 31.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 28.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સવારના સમયે ભેજનું પ્રમાણ 96 ટકા અને સાંજે 82 ટકા રહ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 6.9 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આ આંકડા દર્શાવે છે કે વરસાદ ઓછો હોવા છતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ હજુ પણ ઊંચું છે. હવામાન જાણકારોના મતે ભેજયુક્ત વાતાવરણમાં તડકો નીકળે ત્યારે ઉકળાટ અને બફારો વધુ અનુભવાય છે. હાલમાં શહેરમાં દિવસ દરમિયાન એવી જ સ્થિતિ જોવા મળી રહી છે. ભારે વરસાદ બાદ રસ્તાઓ અને આસપાસના વિસ્તારોમાં ભેજ યથાવત રહેતાં લોકો માટે ગરમી વધુ અસહ્ય બની રહી છે.

ખેડૂતોની નજર પણ હવે આગામી વરસાદ પર ટકેલી છે. સતત વરસાદ બાદ મળેલા આ વિરામથી કેટલાક વિસ્તારોમાં ખેતીના કામને વેગ મળ્યો છે, પરંતુ લાંબો વિરામ ખેંચાય તો ઉભા પાક પર તેની અસર થઈ શકે છે. બીજી તરફ શહેરમાં ભેજ અને ઉકળાટનું સંયોજન મચ્છરજન્ય રોગોના જોખમમાં પણ વધારો કરી શકે છે. તેથી આરોગ્ય વિભાગ અને સ્થાનિક તંત્ર માટે પણ સાવચેતી રાખવી જરૂરી બની છે.

## વલસાડ જિલ્લામાં મેઘરાજાનો વિરામ, ગરમી વધી પારો 31 ડિગ્રી થયો

**ગરમીથી** અકળાયેલા લોકો વરસાદની રાહ જોતા થઈ ગયા

વલસાડ: વલસાડમાં બુધવારથી જિલ્લાભરમાં વરસાદે વિરામ લીધો છે. ક્યાંક ક્યાંક છૂટા છવાયા વરસાદ સિવાય સમગ્ર જિલ્લો સૂકો રહ્યો હતો. ગુરુવારે વલસાડ જિલ્લામાં વરસાદે સદંતર વિરામ લીધો હતો અને સૂર્યનારાયણે દર્શન આપ્યા હતાં. જેને લઇ ચોમાસુ અટકીને ફરીથી ઉનાળો શરૂ થયો હોવાની અનૂભૂતિ થઇ હતી.

ગુરુવારે વલસાડ જિલ્લામાં કોઇ પણ તાલુકામાં વરસાદ નોંધાયો ન હતો. સવારથી જ આકાશ ખુલ્લું હતું. જેને લઇ તડકો પડ્યો હતો. આ સાથે તાપમાનનો પારો વધીને મહત્તમ 31 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો. તેની અનુભૂતિ 35 ડિગ્રી સેલ્સિયસ જેવી થતાં લોકો પરસેવે રેબઝેબ થયા હતા. તેમજ ફરીથી વરસાદ આવે તેવી આશા સેવી બેઠા હતા.

અસહ્ય બફારા સાથેની ગરમીએ ભરચોમાસે પણ લોકોને કાળઝાળ ઉનાળાનો અહેસાસ કરાવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગ જિલ્લામાં વરસાદે પોરો ખાધો, જનજીવન પુન: ધબકતું થયું

સાપુતારા: ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા ત્રણેક દિવસથી મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.ડાંગ જિલ્લામાં ભારે વરસાદનાં પગલે નીચાણવાળા 29 જેટલા કોઝવેકમ પુલો ઊંડા પાણીમાં ગરક થતા બે દિવસ સુધી 50થી વધુ ગામડાઓ સંપર્કવિહોણા બન્યા હતા. ઠેરઠેર માર્ગો પર પથ્થરો, ભેખડો,માટીનો મલબો સહિત વૃક્ષો ધરાશયી થતા જંગી નુકસાન થયું હતું. ગુરુવારે વહેલી સવારથી જ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં વરસાદી માહોલે પોરો ખાતા ગાંડીતુર નદીઓનાં વહેણ ધીમા પડ્યા હતા.ડાંગ જિલ્લામાં ગુરુવારે વરસાદી ઇનિંગે બ્રેક મારતા પાણીમાં ગરક થયેલ તમામ કોઝવેકમ પુલો પરથી પાણી ઓસરી જતા ફરીથી જનજીવન સહિત પશુપાલન ધબકતું થયું હતું. ગિરિમથક સાપુતારા જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યું હતું. લોકમાતા નદીઓમાં અંબિકા,ખાપરી,ગીરા અને પૂર્ણાંનાં ધસમસતા અને ઘૂઘવતા વહેણ શાંત બની વહેતા દૃશ્યો જોવા મળ્યાં હતાં.

### નવસારીમાં બે અલગ-અલગ સ્થળે આકસ્મિક બેનાં મોત

નવસારી: નવસારી શહેરમાં બે અલગ-અલગ બનાવોમાં બે વ્યક્તિના આકસ્મિક મોત થયા હતા. પ્રથમ બનાવમાં કાશીવાડી મહોલ્લામાં રહેતા 40 વર્ષીય બાપી હરેન્દ્ર મિસ્ત્રી ગત 3 જુલાઈના રોજ પોતાના ઘરે બાથરૂમમાં પગ લપસતા નીચે પટકાયા હતા. ગંભીર ઈજા થતાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં 6 જુલાઈના રોજ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. બીજા બનાવમાં ઉગત અંબાડા બિલીફળીયા વિસ્તારમાં રહેતા 35 વર્ષીય કલ્પેશભાઈ રમેશભાઈ રાઠોડનો મૃતદેહ 7 જુલાઈના રોજ સવારે દાંડીવાડ વિસ્તારમાં એક મકાનના ઓટલા પરથી મળી આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ તેઓ દારૂ પીવાની આદત ધરાવતા હતા અને અવારનવાર બહાર રખડતા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

### આલીપોરની હાઈસ્કૂલની છત પર પતરાં ફીટ કરતી વખતે કરંટ લાગતા યુવાનનું મોત

ઘેજ: ચિખલી નજીકના આલીપોર ગામની સાર્વજનિક હાઈસ્કૂલના ધાબા પર પતરામાં સ્ક્રૂ ફીટ કરતી વખતે વીજ કરંટ લાગતા યુવકનું મોત થયું હતું.પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ બુધવારે સાંજે પાંચેક વાગ્યા બાદ આલીપોરની કે એન્ડ બી સાર્વજનિક હાઈસ્કૂલમાં ધાબા પર શાહીલ ફરીદ સાંઈ (ઉ વ ૧૯ રહે, ચિખલી કોલેજ રોયલ પ્લાઝા ત્રીજા માળે ખૂંધ તા.ચિખલી) પતરામાં ઇલેક્ટ્રિક મશીનનો ઉપયોગ કરી સ્ક્રૂ ફીટ કરવા જતા ઇલેક્ટ્રિક બોર્ડમાંથી હાથમાં વીજ કરંટ લાગ્યો હતો. તેને આલીપોર હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. અંગેની જાણ ફરીદશા બીકનશા સાંઈએ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

### વિજલપોરમાં કરુણ ઘટના: પાણીની મોટર ચાલુ કરતી વખતે કરંટ લાગતા સિક્યુરિટી ગાર્ડનું મોત

નવસારી: નવસારીના વિજલપોર વિસ્તારમાં પાણીની મોટર ચાલુ કરતી વખતે વીજ કરંટ લાગતાં 54 વર્ષીય સિક્યુરિટી ગાર્ડનું મોત થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ, વિજલપોરના લેકવ્યૂ રેસિડેન્સી, ડોલી તળાવ નજીક છાપરા રોડ પર રહેતા અનિલભાઈ સિંધુભાઈ મહાજન બુધવારે સવારે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા ગયા હતા. તે દરમિયાન અચાનક કરંટ લાગતાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર માટે લાયન્સ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

### નવસારીમાં હીટ એન્ડ રન: નેશનલ હાઈવે-48 પર અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મોત

નવસારી: નવસારીના નેશનલ હાઈવે-48 પર ઉન ગામ નજીક હીટ એન્ડ રનની ઘટના સામે આવી છે. અજાણ્યા વાહનની અડફેટે 65 વર્ષીય આધેડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસના જણાવ્યા મુજબ, 7 જુલાઈની રાત્રે લગભગ 9:30થી 9:45 વાગ્યાની વચ્ચે ઉદય પેલેસ પાસે મુંબઈ-અમદાવાદ માર્ગ પર આ અકસ્માત બન્યો હતો. મૂળ બિહારના છપરા જિલ્લાના અને હાલ ઉન ગામ ખાતે રહેતા ઇમામુદ્દીન અઝીઝ સાઈ રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં માથા, હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થતાં ઇમામુદ્દીન સાઈનું સ્થળ પર જ મોત થયું હતું.

### દમણની કંપનીમાં 8 લાખની ચોરીમાં બે પકડાયા

દમણ: સંઘપ્રદેશ દમણના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થિત આવેલી માર્સ પેકેજિંગ નામની કંપનીમાંથી અજાણ્યા ઈસમોએ બુધવારે કંપનીના પાછળના દરવાજા અને ઓફિસનું તાળું તોડી સી.સી.ટી.વી. કેમેરાને નિષ્ક્રિય કરવાનો પ્રયત્ન કરી તિજોરીમાંથી રૂપિયા 8 લાખની રોકડ રકમની ચોર કરી ફરાર થઈ ગયા હતાં. આ મામલે કંપની તરફથી ફરિયાદી અશોકકુમાર મોદીએ ચોરી થયા અંગેની ફરિયાદ કડૈયા પોલીસ મથકે દાખલ કરાવી હતી. પોલીસે દમણના ઘાંચીવાડમાં આવેલા ઝાકીરભાઈની ચાલમાં રહેતો 43 વર્ષીય અજીતસિંહ ગુલઝારીલાલ ખાટી (મૂળ ઝુંઝુનુ, રાજસ્થાન) ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી પાસેથી 6.40 લાખ રોકડા કબજે કરી વધુ પૂછપરછ કરતાં તેણે આ કામમાં વાપીમાં રહેતા તેના અન્ય એક સાથીદાર સાથે ચોરીને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે દમણ પોલીસે વાપીના ભડકમોરાની પકિયાની ચાલમાં રહેતો 34 વર્ષીય પવન ગૌરી શંકર રાજપૂત (મૂળ દતિયા, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી તેની પાસેથી 1.34 લાખ રોકડા રૂપિયા તથા ચોરીની રકમથી ખરીદવામાં આવેલા બે મોબાઈલ ફોન, વાયરલેસ ઈયરબડ્સ અને બ્રાન્ડેડ કપડાં મળી આવ્યા હતાં. પોલીસે કુલ 7,74,500 રોકડા તથા અન્ય મુદ્દામાલ કબ્જે કરી બન્ને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

## MLA માટે સ્ટ્રીટ લાઈટ રાતોરાત ચાલુ, પ્રજા અંધારામાં

**સ્ટ્રીટ** લાઇટ બંધ થતાં પાલિકાએ ક્રેન દોડાવતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ



વલસાડ: વલસાડ શહેરમાં સ્ટ્રીટ લાઇટો બંધ હોવાની સામાન્ય સભામાં પણ આ મુદ્દો અનેક વખત ઉછળ્યો હતો. તેમ છતાં પાલિકા વલસાડ શહેરની સ્ટ્રીટ લાઇટો ચાલુ કરાવી શકી નથી. બીજી તરફ વલસાડને અડીને આવેલા ભાગડાવડા ગામમાં રહેતા ધારાસભ્ય ભરત પટેલના ઘર નજીક બગડેલી સ્ટ્રીટ લાઇટના રિપેરીંગ માટે પાલિકાનું વાહન મોકલતાં કોઇએ તેનો વીડિયો ઉતારી લીધો હતો. આ વિડીયો સોશ્યલ મીડિયામાં ફરતા લોકોએ પાલિકા અને ધારાસભ્ય સામે અનેક સવાલો ઉઠાવ્યા હતાં.

વલસાડમાં ભાજપી ધારાસભ્ય માટે પાલિકાનો સ્ટ્રીટ લાઇટ રિપેરીંગ માટેનું ક્રેન તેમજ મિકેનિક હદ બહાર જતાં લોકોએ પોતાના વિસ્તારની સ્ટ્રીટ લાઇટો ક્યારે સુધરશે એવા સવાલો કર્યા હતાં. વલસાડ પાલિકામાં આ ટર્મમાં 44 સભ્ય પૈકી 42 સભ્ય ભાજપના છે. જ્યારે એક જ કોંગ્રેસ અને એક અપક્ષ સભ્ય છે. આવા સંજોગોમાં પાલિકાનું શાસન સરળ ચાલવું જોઇએ, પરંતુ તેના બદલે વધુને વધુ કથળી રહ્યું છે. જેમાં સ્ટ્રીટ લાઇટનો મુદ્દો હંમેશા ચર્ચામાં રહ્યો છે. આ સમયે પાલિકાની હદ બહારના વિસ્તારમાં રહેતા ધારાસભ્ય ભરત પટેલના ઘરે પાલિકાનું ક્રેન પહોંચતા અનેક સવાલો ઊઠી રહ્યા છે. તાજેતરમાં પાલિકાની પ્રિમોનસૂનની કામગીરી સામે પણ સવાલો ઊઠ્યા છે. ભલે ભાજપ વલસાડ પાલિકા પર જીત હાંસલ કરવામાં પાસ થઇ છે, પરંતુ કામગીરી કરવામાં તે સદંતર નાપાસ થઇ હોવાનું જોવા મળી રહ્યું છે.

## અતિવૃષ્ટિ બાદ ડ્રેનેજ-રસ્તાના પ્રશ્નો ઉકેલવા મ્યુ.કમિ.નો આદેશ

**નવસારીના** મેયર અને મ્યુ.કમિ.એ છાપરા રોડ, વિજલપોર, જલાલપોર, ઘેલખડી અને પુણેશ્વર સહિતના અસરગ્રસ્ત વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ કર્યું



નવસારી: તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમાં ઉભી થયેલી ડ્રેનેજ, વરસાદી પાણીના ભરાવા, બિસ્માર રસ્તાઓ, કાદવ-કીચડ અને પીવાના પાણી સંબંધિત સમસ્યાઓને પગલે નવસારી મહાનગરપાલિકા એક્શન મોડમાં જોવા મળી હતી. ગુરુવારે મેયર અશોકભાઈ ધોરાજિયા અને મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાયે વિવિધ વિભાગોના અધિકારીઓ અને સ્થાનિક કોર્પોરેટરો સાથે શહેરના અસરગ્રસ્ત વિસ્તારોની મેરેથોન ફિલ્ડ વિઝિટ કરી સ્થળ પર જ સમસ્યાઓની સમીક્ષા કરી હતી.

ફિલ્ડ વિઝિટ દરમિયાન છાપરા રોડ, વિજલપોર, જલાલપોર, ઘેલખડી અને પુણેશ્વર સહિતના વિસ્તારોમાં ડ્રેનેજની કામગીરી, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, ખાડાગ્રસ્ત રસ્તાઓ, સફાઈ કામગીરી અને પીવાના પાણીની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક કોર્પોરેટરો અને રહેવાસીઓએ પણ પોતાના વિસ્તારની વિવિધ સમસ્યાઓ અધિકારીઓ સમક્ષ રજૂ કરી હતી.

વિજલપોરના રામનગર, વિઠ્ઠલ મંદિર વિસ્તાર, યોગીનગર, રવિ પાર્ક, અમીધારા કોલોની, નટવર ચાલ, મોટારા ફળિયા, આનંદનગર અને દેસાઈવાડ જેવા વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનોની સફાઈ, વરસાદી પાણીના ઝડપી નિકાલ અને કાદવ દૂર કરવાની કામગીરીને પ્રાથમિકતા આપવા કમિશનરે સૂચના આપી હતી. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરીની સમીક્ષા દરમિયાન સફાઈમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન નહીં કરવામાં આવે તેવી સ્પષ્ટ તાકીદ પણ કરવામાં આવી હતી.

પુણેશ્વર વિસ્તારમાં ભારે પવનના કારણે રસ્તા પર પડેલા વૃક્ષોને તાત્કાલિક દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવાની સૂચના આપવામાં આવી હતી, જ્યારે જલાલપોરના ગૌરીશંકર મહોલ્લામાં ડ્રેનેજની સમસ્યા અને રોડ વિકાસના કામો અંગે સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકા તંત્રના જણાવ્યા મુજબ અતિવૃષ્ટિ બાદ ઉભી થયેલી સમસ્યાઓના ઝડપી અને કાયમી ઉકેલ માટે સંબંધિત તમામ વિભાગોને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

## વાંસદામાં વાંગણની વર્ગ શાળાની કમ્પાઉન્ડ વોલ પણ ધરાશાયી

વાંસદા: વાંસદા તાલુકાના વાંગણ ગામે ગવહાર ફળિયામાં આવેલ વર્ગ શાળાની કમ્પાઉન્ડ વોલ ચોમાસાના પ્રથમ ભારે વરસાદમાં જ અંદાજે 30થી 35 મીટર જેટલી તૂટી પડી હતી. ઉપરાંત દિવાલનો બાકીનો ભાગ પણ બેસી જતાં તેમાં તિરાડો પડી ગઈ છે અને વધુ 5થી 10 મીટર જેટલો ભાગ પણ કોઈપણ સમયે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ હોવાનું સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું છે. સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે લાખો રૂપિયાના ખર્ચે કમ્પાઉન્ડ વોલનું નિર્માણ કરવામાં આવે છે. જોકે, બાંધકામ દરમિયાન ગુણવત્તા પર પૂરતું ધ્યાન ન અપાતું હોવાના આક્ષેપો વચ્ચે એક વર્ષની અંદર જ દિવાલ તૂટી પડવાની ઘટનાએ કામની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ સમગ્ર મામલે સંબધિત અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ કરાવી, જવાબદારો સામે કાર્યવાહી કરવાની તેમજ શાળાની કમ્પાઉન્ડ વોલનું ગુણવત્તાસભર પુનઃનિર્માણ કરવામાં આવે તેવી સ્થાનિકોએ માંગ ઉઠાવી છે.

## નવસારી મનપાનું ‘કેટલ ફ્રી સિટી’ અભિયાન

**મુખ્ય** માર્ગો પરથી રખડતાં ઢોર હટાવવાનો સંકલ્પ; અકસ્માતો અટકશે, ટ્રાફિક સુધરશે અને શહેર વધુ સુરક્ષિત બનશે



નવસારી: નવસારીને વધુ સુરક્ષિત, સ્વચ્છ અને વ્યવસ્થિત શહેર બનાવવાના ઉદ્દેશ્ય સાથે નવસારી મહાનગરપાલિકાએ રખડતાં ઢોર સામે અસરકારક અભિયાન શરૂ કર્યું છે. શહેરના મુખ્ય માર્ગો, વ્યસ્ત રસ્તાઓ અને હાઈવેને તબક્કાવાર ‘કેટલ ફ્રી’ બનાવવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નિર્ણય માત્ર નિયમોના અમલ પૂરતો નથી, પરંતુ નાગરિકોની સલામતી અને શહેરની સુવ્યવસ્થિત ટ્રાફિક વ્યવસ્થા માટે એક મહત્વપૂર્ણ પહેલ માનવામાં આવી રહી છે.

મનપાના CNCD (Cattle Nuisance Control Department) વિભાગને આ કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે. જાહેર માર્ગો પર રખડતા કે ચરતા જોવા મળતા પશુઓને તાત્કાલિક પકડી પાંજરાપોળમાં મોકલવામાં આવશે, જ્યારે સંબંધિત પશુપાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ રસ્તાઓ પરથી અકસ્માતનું જોખમ ઘટાડવું, ટ્રાફિકને સરળ બનાવવો અને નાગરિકોને નિર્ભય મુસાફરીનો અનુભવ કરાવવાનો છે.

પ્રથમ તબક્કામાં સ્ટેશન રોડ, વિરાવળ રોડ, કબિલપોર-ગ્રીડ સર્કલથી જુનાથાણા મેઈન રોડ, દેવિના પાર્ક મેઈન રોડ, છાપરા મેઈન રોડ અને માણેકલાલ રોડ જેવા શહેરના સૌથી વ્યસ્ત માર્ગોને ‘કેટલ ફ્રી ઝોન’ તરીકે વિકસાવવામાં આવશે. અહીં નિયમિત પેટ્રોલિંગ અને સતત કાર્યવાહી દ્વારા અભિયાનને અસરકારક બનાવવામાં આવશે.

મહાનગરપાલિકાએ પશુપાલકોને પોતાના પશુઓની યોગ્ય સંભાળ રાખવા અને જાહેર માર્ગો પર ન છોડવા અપીલ કરી છે. સાથે જ નાગરિકોને પણ આ અભિયાનમાં સહભાગી બની શહેરને વધુ સુરક્ષિત અને સ્વચ્છ બનાવવા સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રખડતા ઢોરના કારણે સર્જાતા ટ્રાફિક જામ, અકસ્માતો અને અવ્યવસ્થાથી લાંબા સમયથી પરેશાન શહેર માટે આ નિર્ણય રાહતરૂપ બની શકે છે. જો મનપા આ અભિયાનનો સતત અને કડક અમલ જાળવી રાખશે.

**ધરમપુરથી પીપલખેડ વચ્ચે નોન સ્ટોપ દોડતી ચાર એક્સપ્રેસ બસ છતાં**

## ST નિગમને ખોટ અને સ્થાનિક આદિવાસી પ્રજાને હાલાકી

**ડાયવર્ઝન** માર્ગ ઉપર કામચલાઉ સ્ટોપ આપવાની રજૂઆતો પણ ફાઇલોમાં

ધરમપુર: ધરમપુર- વાંસદા વચ્ચે ગત વર્ષે કરંજવેરી માન નદીના પુલને તંત્ર દ્વારા જોખમી જાહેર કરી ભારે વાહનો માટે પ્રતિબંધ જાહેર કર્યો હતો. જેને લઈ આ માર્ગ પરથી તમામ બસ સેવા દોડતી નહીં હોય. આ માર્ગ ઉપરના ગામોની પ્રજા, વિદ્યાર્થી આલમ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યું છે. તો બીજી તરફ ધરમપુર ડેપોની સવારે 9 અને સાંજે 7:00 ક.ની અમદાવાદ અને 10:00 વાગ્યાની ગાંધીનગર તથા પાલનપુર ડેપોની ધરમપુર પાલનપુર 14:30 કલાકની ચાર એક્સપ્રેસ બસ સેવા માન પુલ પરથી દોડતી ન હોય વાયા વિરવલ, પાણીખડક ચોકડી, ઢોલુમ્બર, માંડવ ખડક થઈ પીપલખેડથી વાંસદા એના નિર્ધારિત રૂટે દોડી આવજાવ કરે છે. આ ચારેય એક્સપ્રેસ બસ ધરમપુરથી પીપલખેડ સુધીનું લગભગ 30 કિલોમીટરનું અંતર નોનસ્ટોપ દોડી આ વિસ્તારની સ્થાનિક આદિવાસી પ્રજાને વંચિત રાખે છે કે જેઓને અમદાવાદ તરફ જવા માટે એક પણ બસની સેવા મળતી નથી અને વલસાડ વિભાગ-નિગમે પણ ડાયવર્ઝનના માર્ગે વડપાડા જામનપાડા પાણીખડક ચોકડી, ઢોલુમ્બર ચોકડીના કામચલાઉ સ્ટોપેજ (અંતર ભાડાની ગણતરી કરી) આપવા માટે પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી નહીં કરતાં આજ દિન સુધી એક વર્ષથી નિગમ વધારાનું ડીઝલ બાળી એસટીને ખોટ અને આદિવાસીઓને સુવિધાથી વંચિત રાખી રહી છે. ત્યારે પ્રજાની માંગ છે કે માન અને પૂર્ણા નદીની ઉપરથી એસટી સેવા એક વર્ષથી તો બંધ છે, પણ લાગે છે કે નવો પુલ નહીં બને ત્યાં સુધી એટલે કે ત્રણ-ચાર વર્ષ સુધી આ ચાર એક્સપ્રેસ બસ ચકરાવે દોડશે તો ત્યાં સુધી કામચલાઉ સ્ટોપ આપી સ્થાનિક પ્રજાને લાભ આપવો જોઈએ એવી મુસાફરોની લાગણી છે.